દેશની પ્રથમ મુદ્રા બેંક લોંચ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મુદ્રા બેંક લોંચ કરાઈ : છ કરોડ વેપારીને લાભ : દેશમાં હાલ ૫.૭૭ કરોડ નાના એકમો છે : મુદ્રા બેંક એકમો માટે દિશાનિર્દેશ નક્કી કરશે : મુદ્રા બેંકને ત્રણ કેટેગરીમાં વિભાજિત કરવાનો નિર્ણય કરાયો

નવી દિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશમાં પ્રથમ વખત ૨૦ હજાર કરોડ રૂપિયાની રકમ સાથે મુદ્રા બેંક લોંચ કરતા આનાથી લોકોને મોટી રાહત થશે. આ મુદ્રા બેંક નાના ઉદ્યોગ સાહસિકોને ૧૦ લાખ સુધી લોન આપશે. સાથે સાથે માઇક્રો-ફાયનાન્સ ઈન્સ્ટીટ્યુટશન (એમએફઆઈ) માટે રેગ્યુલેટર તરીકે કામ કરશે. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર દેશમાં રોજગારીને વધારવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપશે. મુદ્રા બેંક લોંચ કરવામાં આવ્યા બાદ મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે મોટા ઈન્ડસ્ટ્રીયલ હાઉસો માત્ર ૧.૨૫ કરોડ લોકોને નોકરી આપે છે. જ્યારે નાના ઉદ્યોગ સાહસિકો ૧૨ કરોડ લોકોને રોજગારી આપે છે. મુદ્રા બેંક માઈક્રો ઉદ્યોગ ફાયનાન્સ બિઝનેસ માટે પોલીસી માર્ગદર્શિકા પણ તૈયાર કરશે. મુદ્રા બેંક માટે અન્ય કામ પણ રહેશે. તેની અન્ય કામગીરીમાં એફએફઆઈની નોંધણી, સાથે સાથે એક્રિડેશન અને રેટિંગની નોંધણીનો સમાવેશ થાય છે. મોદીએ કહ્યું હતુ કે આશરે ૫.૭૭ કરોડ નાના બિઝનેસ યુનિટો રહેલા છે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે રોજગારી વધારી દેવાની બાબતને સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા આપશે. મુદ્રા બેંક નાના ઉદ્યોગોને ફંડ આપશે. મોદીએ કહ્યું હતું કે દેશમાં બચતની ટેવને મજબુત કરવાની પણ જરૂર છે.

તેમણે કહ્યું હતું કે તે તકલીફને દુર કરવા માટે જવાબદાર ફાયનાન્સ પ્રથાની રૂપરેખા તૈયાર કરશે. તેમના બજેટ ભાષણમાં નાણાં પ્રધાન અરૂણ જેટલીએ કહ્યુ હતું કે માઈક્રો યુનિટ ડેવલપમેન્ટ રીફાયનાન્સ એજન્સીની જાહેરાત કરી હતી. ૨૦,૦૦૦ની રકમ સાથે મુદ્રા બેંકની શરૂઆત કરવામાં આવી રહી છે. મુદ્રા ઘડી કાઢવામાં આવ્યા બાદ તમામ લોકોને મોટી રાહત થશે. ખુબ નાના કારોબારીઓને પૈસા આપતા લોકોના સર્કજામાંથી બહાર કાઢવા માટે મુદ્રા બેંકની શરૂઆત કરાવી છે.

હાલમાં આ યોજનાને ચોક્કસ માધ્યમથી શરૂ કરવામાં આવનાર છે. સિડબીના માધ્યમથી આની શરૂઆત કરવામાં આવનાર છે. હાલના સમયમાં દેશમાં ૫.૭૭ કરોડ નાના એકમો છે. આ મુદ્રા બેંક આ એકમો માટે દિશાનિર્દેશ નક્કી કરશે. નાણામંત્રી દ્વારા મુદ્રા બેંકને ત્રણ કેટેગરીમાં વિભાજતિ કરવાનો નિર્ણય કર્યો છે જેમાં શિશુ, યુવાન અને તરૂણનો સમાવેશ થાય છે. શિશુ વર્ગમાં ૫૦૦૦૦ રૂપિયા, કિશોર વર્ગમાં ૫૦૦૦૦થી ૫૦૦૦૦૦ રૂપિયા અને તરુણ શ્રેણીના ૫૦૦૦૦૦થી ૧૦૦૦૦૦૦ની લોન સહાયતા અપાશે. આનાથી દેશને ૫.૭૭ કરોડ નાના કારોબારીઓનો સીધો ફાયદો થશે. નાના મેન્યુફેક્ચરિંગ એકમો, દુકાનદારો, શાકભાજી વેચનાર લોકોને સીધો ફાયદો થશે.

ખેડૂતોને વળતરમાં ૫૦ ટકા વધારાની જાહેરાત

પાક નુકસાન સાથે સંબંધિત માપદંડને હળવા કરવાની પણ જાહેરાત : કમોસમી વરસાદ અને કરાથી દેશના ઘણા ભાગોમાં ખેડૂતોને ભારે નુકસાન થયા બાદ જાહેરાત : વિમા દાવાઓનો ઝડપથી નિકાલ લાવવાનો પણ આદેશ

નવી દિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે તાજેતરમાં ખેડુતોને કમોસમી વરસાદ અને કરાના કારણે જે નુકસાન થયું છે તેને લઈને સંપૂર્ણપણે વાકેફ છે. સરકાર કટોકટીમાં ખેડુતોની સાથે છે. તેમના માટે રાહતના પગલા લેવામાં આવી રહ્યા છે. મોદીએ આજે ખેડુતોને લાભ અને રાહત આપતા પાક નુકસાન વળતરમાં ૫૦ ટકા સુધી વધારો કરવાની જાહેરાત કરી હતી. કુદરતી આપત્તિના કારણે પાકને થયેલા નુકસાન બદલ વળતર મેળવવા માટે લાયકાતને મોદીએ આજે ઘટાડી દીધી હતી. લાયકાતને ૫૦ ટકાથી ઘટાડીને ૩૩ ટકા કરી હતી. નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં આયોજિત મુદ્રા બેંક લોંચ કરવા સાથે સંબંધિત કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું હતું કે અસરગ્રસ્ત ખેડુતોને વળતરની રકમ ૫૦ ટકા સુધી વધારી દેવામાં આવી છે. તેમના પાકને નુકસાન થયા બાદ હાલમાં દેશમાં અનેક ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે.

મોદીએ કહ્યું હતું કે ભારતના ખેડુતોની સ્થિતીને લઈને તેઓ ચિંતિત છે. કમોસમી વરસાદ અથવા તો અપુરતા વરસાદના કારણે ખેડુતો ભારે મુશ્કેલીમાં છે. વડાપ્રધાને કહ્યુ હતુ કે પરિસ્થિતીની સમીક્ષા કરવા માટે અને ખેડુતોને મળવા માટે પ્રધાનો પહેલા ગયા હતા. ખેડુતોની મદદ કરવા પરત ફરેલા પ્રધાનોને તેઓ મળી ચુક્યા છે. મોદીએ કહ્યુ હતું કે હજુ સુધી લાભ આપવા માટેના જે માપદંડ છે તે મદદ માટે પુરતા નથી. બેંકોને પણ લોનના માળખાના સંબંધમાં કહેવામાં આવ્યું છે.વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવેલી જાહેરાતને ઉપયોગી ગણાય છે. વડાપ્રધાન મોદીએ ખેડૂતોની વિસ્તારપૂર્વક વાત કરી હતી.

ખેડુતો માટે ટુંક સમયમાં વધુ પેકેજ જાહેર થવાની સંભાવના

નવી દિલ્હી,તા. ૮

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર ટુંક સમયમાં જ કમોસમી વરસાદના કારણે અસર પામેલા ખેડુતો માટે જંગી રાહત પેકેજની જાહેરાત કરે તેવી શક્યતા છે. અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. હાલમાં દેશના મોટા ભાગના રાજ્યોમાં કમોસમી વરસાદ અને બરફના કરા પડવાના કારણે પાકને ભારે નુકસાન થયું છે. કેટલાક ખેડુતો આત્મહત્યા પણ કરી ચુક્યા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસના અન્ય નેતાઓ હાલમાં ખેડુતોને પુરતી મદદની માંગ કરી રહ્યા છે.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કેન્દ્રમાં ભાજપ સરકાર ખેડુતો દ્વારા લેવામાં આવેલી લોનને માફ પણ કરી શકે છે. રાહતના નાણાં જન ધન યોજના હેઠળ ખેડુતોના ખાતામાં સીધી રીતે જમા કરવામાં આવનાર છે. સાથે સાથે જે ખેડુતો ખુબ મુશ્કેલીમાં આવી ગયા છે તે ખેડુતોને પાક માટે વ્યાજમુક્ત લોન પણ આપવામાં આવશે. હાલમાં દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થયા બાદ અનેક ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. જેના કારણે મોદી સરકારની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. ઉત્તર ભારતના મેદાની ભાગોમાં શિયાળાના પાકને ભારે નુકસાન થયું છે. મુશ્કેલીમાં મુકાયેલા ખેડુતોને મદદ નહી કરવાનો આક્ષેપ સરકાર પર કરવામાં આવી રહ્યો છે. હાલમાં કમોસમી વરસાદ અને બરફના કરા પડવાના કારણે બિહાર, ગુજરાત, હરિયાણા, જમ્મુ કાશ્મીર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં ભારે નુકસાન થયું છે. હાલમાં જ પુરા થયેલા નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં અનાજ ઉત્પાદન ૨૬૧ મિલિયન ટનના ટાર્ગેટ સામે ૨૫૭ મિલિયન ટન રહે તેવી શક્યતા છે.

વર્તમાન નાણાંકીય વર્ષ માટે મહત્વકાંક્ષી ડિસઈન્વેસ્ટમેન્ટ કાર્યક્રમ

આરઈસી શેર વેચાણને જોરદાર પ્રતિસાદ : આરઇસીમાં પાંચ ટકા હિસ્સેદારી વેચાણથી ૧૫૫૦ કરોડ ઉભા કરવા માટે મોદી સરકારની યોજના : કલાકોના ગાળામાં ઓવર સબસ્ક્રાઇબ્ડની સ્થિતિ

નવી દિલ્હી,તા. ૮

વર્તમાન નાણાંકીય વર્ષ માટે સરકારના મહત્વકાંક્ષી ડિસઈન્વેસ્ટમેન્ટ કાર્યક્રમની જોરદાર રીતે શરૂઆત થઈ છે. આજે સરકારી આરઈસીમાં પાંચ ટકા હિસ્સેદારીના ઓફર ફોર સેલ (ઓએફએસ)ને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. આરઈસીના શેર સંપૂર્ણપણે ભરાઈ ગયા હતા. કલાકના ગાળામાં જ તેના શેર સંપૂર્ણપણે સબસ્ક્રાઈબ થઈ ગયા હતા. સરકાર રુરલ ઈલેક્ટ્રીફિકેશન કોર્પ (આરઈસી)ના ૪.૯૩ કરોડ શેરના વેચાણથી ૧૫૫૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. ૩૧૫ રૂપિયા પ્રતિ શેરની ફ્લોર કિંમત સાથે ઓએફએસ રુટ મારફતે વેચામ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. સવારે ૯.૧૫ વાગે શેર વેચાણની પ્રક્રિયા શરૂ થઈ હતી. જેને સંસ્થાકીય રોકાણકારો તરફથી જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. તેમના માટે અનામત રાખવામાં આવેલો હિસ્સો ૧૦.૨૫ વાગ્યા સુધી ૧.૧૮ ગણો ભરાઈ ગયો હતો. રિટેઈલ રોકાણકારો માટે અનામત રાખવામાં આવેલો હિસ્સો પણ ઝડપથી ભરાઈ ગયો હતો. આમા પાંચ ટકા કિંમત ડિસ્કાઉન્ટ આપવામાં આવી હતી જે ૪૭ ટકા છલકાઈ ગયો હતો. એકંદરે આ ઓફર ૧.૦૪ ગણી છલકાઈ હતી. બિડિંગની પ્રક્રિયા મોડે સુધી ચાલી હતી. ૩૧૫ રૂપિયા પ્રતિ શેરની ફ્લોર કિંમત સામે આરઈસીના શેરમાં જંગી ઉછાળો કરવાથી કારોબારને જોવા મળી હતી. આરઈસી પ્રથમ પીએસયુ છે જે વર્તમાન નાણાંકીય વર્ષમાં બજારમાં એન્ટ્રી કરે છે. સરકારે વર્ષ ૨૦૧૫-૧૬માં લઘુમતિ હિસ્સો વેચીને ૪૧૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે.

કોલસા કૌભાંડ મામલે ૧૫ જુલાઈએ સુનાવણી હાથ ધરાશે

સુપ્રીમે સમન્સ સામે હાલમાં જ સ્ટે મુક્યો હતો

નવી દિલ્હી,તા. ૮

કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં નવી દિલ્હીની ખાસ અદાલતે આજે સુનાવણી ૧૫મી જુલાઈ સુધી મોકૂફ કરી દીધી હતી. આ કેસમાં સુપ્રીમ કોર્ટે પહેલી એપ્રિલના દિવસે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, અન્યો સામે જારી કરવામાં આવેલા સમન્સ ઉપર સ્ટે મુકી દીધો હતો. ખાસ સીબીઆઈ જજ ભરત પરાશરે સુનાવણી આજે મોકૂફ કરી દીધી હતી. ભરત પરાશરે ૧૧મી માર્ચના દિવસે સિંહ અને અન્યો સામે આરોપી તરીકે સમન્સ જારી કર્યા હતા અને કહ્યું હતું કે, સમગ્ર મામલામાં તપાસ ચાલી રહી છે. જો કે, આજે તેમણે કહ્યું હતું કે, તેમના દ્વારા જારી કરવામાં આવેલા આદેશના અમલીકરણ ઉપર સુપ્રીમ કોર્ટે સ્ટે મુકી દીધો છે. પહેલી એપ્રિલ ૨૦૧૫ના દિવસે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ૧૬મી ડિસેમ્બર ૨૦૧૪ અને ૧૧મી માર્ચ ૨૦૧૫ની તારીખના આદેશોના અમલીકરણ ઉપર સ્ટે મુકી દેવામાં આવ્યો છે. જેથી આ મામલો હવે ૧૬મી જુલાઈના દિવસે હાથ ધરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સીબીઆઈની ખાસ અદાલતે ૧૧મી માર્ચના દિવસે મનમોહનસિંહને આરોપી તરીકે સમન્સ જારી કર્યું છે. જે સમય કોલસા કાંડની વિગત સપાટી પર આવી ત્યારે તત્કાલીન વડાપ્રધાન સિંહની પાસે જ કોલસા મંત્રાલયની જવાબદારી હતી. મનમોહનસિંહ ઉપરાંત ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, પૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્ય ત્રણની સામે પણ આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. કોર્ટે અપરાધિક કાવતરા, વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર અટકાયત કાયદાની જોગવાઇ હેઠળ છ લોકોની સામે સમન્સ જારી કરાયા હતા.

નક્સલવાદીઓ સામે વધુ કઠોર કાર્યવાહીની તૈયારી

નક્સલી હુમલાઓ અંગે અગાઉથી ચેતવણી આપવા માટે ૧૦૦ ડોગની ખાસ ટુકડી તૈયાર કરવામાં આવી રહી છે

નવી દિલ્હી,તા. ૮

દેશના જુદા જુદા ભાગોમાં હાલ ભારે આતંક મચાવી રહેલા નક્સલાવાદીઓ સામે વધુ કઠોર કાર્યવાહીની તૈયારી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે હવે નક્સલવાદીઓની સામે ડોગ કમાન્ડોને પણ મેદાનમાં ઉતારવામાં આવનાર છે. નક્સલવાદી વિરોધી ઓપરેશનમાં રહેલા જવાનોને લેન્ડમાઈનના હુમલાથી બચાવવા અને નક્સલવાદી હુમલા અંગે પહેલાથી જ ચેતવણી આપવા માટે ૧૦૦ ડોગની ખાસ ટીમ તૈયાર કરવામાં આવી રહી છે. ડોગની આ ટીમ ઓપરેશન અને અન્ય કાર્યવાહી દરમિયાન જવાનોની સાથે જશે. આ ટીમને કમાન ડોગ્સ કહેવામાં આવે છે. કારણ કે તેઓ માનવ કમાન્ડો જેવા રહે છે. આ ડોગને ચંદીગઢ સ્થિત આઈટીબીપી અને બેંગલોર નજીક તરાલુમાં સીઆરપીએફની ખાસ ટ્રેનિંગ સંસ્થામાં ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. દુશ્મન અંગે માહિતી મેળવી લેવા અને ઓપરેશન માટે આ ડોગનો ઉપયોગ કરવામાં આવે છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા આટીબીપી અને સીઆરપીએફ જેવા અર્ધલસ્કરી દળોની સલાહના આધારે આ યોજના તૈયાર કરી છે. જે યોજના હેઠળ માઓવાદી હિંસાથી ગ્રસ્ત રહેલા વિસ્તારોમાં ભૂમિ ઓપરેશનમાં રહેલા જવાનોની સાથે ડોગ રહેશે.

યમનથી ૪૦૦૦ ભારતીયોને ખસેડી લેવાયા

વિમાની રૂટથી હવે નાગરિકોને ખસેડવાની પ્રક્રિયા પૂર્ણ : દરિયાઈ માર્ગ મારફતે વધુ ભારતીયોને ખસેડવા માટેનું ઓપરેશન હજુ થોડાક દિવસ સુધી ચાલે તેવી સંભાવના

નવીદિલ્હી,તા. ૮

યુદ્ધગ્રસ્ત યમનમાંથી ૪૦૦૦ ભારતીયોને ખસેડી લેવામાં આવ્યા છે. આની સાથે જ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી નાગરિકોને વિમાની મારફતે ખસેડવાની પ્રક્રિયાને આજે પુરી કરી લેવામાં આવી હતી. હાલમાં ફસાયેલા લોકોને ખસેડવાની પ્રક્રિયા યુદ્ધના ધોરણે ચાલી રહી હતી. વિદેશમંત્રાલયના પ્રવક્તાએ એક યાદીમાં જણાવ્યું હતું કે, વિમાની સેવા મારફતે લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી છે. અકબરુદ્દીને કહ્યું છે કે, હજારો લોકોને પરત બોલાવી લેવામાં આવ્યા છે. ભારતે પાકિસ્તાની ઓફરને પણ સ્વીકારી હતી. સરકારી આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય દૂતાવાસમાં યમનમાં ૪૧૦૦ ભારતીયો નોંધાયેલા છે જે પૈકી ૪૦૦૦ને ખસેડી લેવાયા છે. જો કે, દરિયાઈ માર્ગ મારફતે વધુ કેટલાક લોકોને ખસેડવાની પ્રક્રિયા હજુ ચાલુ રહેશે.

હાલમાં યુદ્ધગ્રસ્ત યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટેનુ ઓપરેશન યુદ્ધના ધોરણે ચાલી રહ્યું હતુ. યુદ્ધગ્રસ્ત ક્ષેત્રમાંથી ખસેડી લીધા બાદ સુરક્ષિત સ્થળે ભારતીયોને લવાયા છે. ૨૨મી જાન્યુઆરી બાદથી યમનમાં લડાઈ જારી છે. સાઉદી દ્વારા હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે.૪૦૦૦થી વધારે લોકો ફસાયેલા હતા. તેઓ મદદની રાહ જોઈ રહ્યા હતા. તેમની મદદ કરવા માટે સરકાર સતત પ્રયાસ કર્યા હતા. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી રહી હતી.

આજથી મોદી ત્રણ દેશોના પ્રવાસે

પણજી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ત્રણ રાષ્ટ્રોના પ્રવાસે રવાના થઈ રહ્યા છે. ફ્રાંસ, જર્મની અને કેનેડાની યાત્રા ઉપર મોદી જઈ રહ્યા છે. જી-૭ ગ્રુપના ભાગરુપે તેમની આ યાત્રા રહેલી છે. મોદી આ યાત્રા દરમિયાન ત્રણેય દેશોના વડાઓ સાથે તેઓ ચાય પે ચર્ચા કરનાર છે. વિદેશમંત્રાલય દ્વારા માહિતી આપતા જણાવવામાં આવ્યું છે કે, યાત્રાના પ્રથમ હિસ્સામાં તેઓ ફ્રાંસ પહોંચશે. પેરિસમાં તેઓ સીઈઓ સાથે બે રાઉન્ડ ટેબલ ચર્ચા કરશે. પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશ સચિવ એસ જયશંકર દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. વડાપ્રધાન ફ્રાંસના પ્રમુખ સાથે પણ વાતચીત કરશે. ફ્રાંસના પ્રમુખ સાથે બોટ રાઈડ કરતી વેળા વાતચીત કરશે. અન્ય દેશોના વડાઓ સાથે પણ મોદી વાતચીત કરનાર છે. આ વાતચીત દરમિયાન દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાનો મુદ્દો છવાશે.

જર્મનીમાં વાતચીત દરમિયાન ગંગા નદીને સ્વચ્છ કરવા સાથે સંબંધિત મુદ્દો છવાશે. મોદીની યાત્રાનો કેનેડા તબક્કો ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે ૪૨ વર્ષમાં તેઓ પ્રથમ વડાપ્રધાન છે જેઓ આ દેશની મુલાકાત લઈ રહ્યા છે. કેનેડામાં તેઓ ૧૪મી એપ્રિલે પહોંચશે. જ્યાં તેઓ ગુરુદ્વારા અને મંદિરમાં પણ જશે. વાનકુંવરમાં મોદી લક્ષ્મીનારાયણ મંદિરમાં જશે. કેનેડામાં ૧.૨ મિલિયન ભારતીય લોકો છે.

જનધનની સાથે આરોગ્યની યોજનાને જોડાશે

નવી દિલ્હી,તા. ૮

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સરકાર જનધન હેઠળ આરોગ્ય સંભાળની સ્કીમોને લઈ લેવા માટે પ્રયાસ કરી રહી છે. આરોગ્ય સંભાળની સ્કીમોને પણ આ સ્કીમ હેઠળ આવરી લઈને લોકોને અને ખાસ કરીને ગરીબોને વધુ રાહત આપવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, એનડીએ સરકારના ઈન્ક્લુસન પ્રોગ્રામ પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ ૧૪ કરોડ બેંક ખાતા પહેલાથી જ ખોલી ચુક્યા છે. ૧૪ હજાર કરોડની રકમ ડિપોઝિટ તરીકે આવી ચુકી છે. જેટલીએ કહ્યું હતું કે, આગામી દોરમાં ગરીબ વર્ગના લોકોને આવરી લેવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આરોગ્ય સંભાળની સ્કીમોના લાભ ગરીબ લોકોને મળે તેવી યોજના તૈયાર થઈ રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જનધન સ્કીમ હેઠળ કરોડો ખાતા ખોલવામાં આવી ચુક્યા છે. દેશના ગરીબ લોકો હવે બેંક ખાતાઓમાં રસ લઈ રહ્યા છે. આ બેંક ખાતાઓમાં કેટલાક નાણાં મુકવાના પ્રયાસ સરકાર પણ કરી રહી છે. ડીબીટી મારફતે કરોડો રૂપિયાને તેમના બેંક ખાતાના નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, એકલાખના વિમા કવર અને ૩૦ હજારના લાઈફ કવરને આવરી લેવામાં આવશે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ હેઠળ સબસિડી રકમ ગ્રાહકોના બેંક ખાતામાં જમા થઈ રહી છે. કારણ કે તેઓ ખરીદી વખતે એલપીજી સિલિન્ડર માટેની સંપૂર્ણ રકમ ચુકવી રહ્યા છે.

સમાચાર ઝલક

- રાજકોટમાં ત્રીજા ધોરણની ૯ વર્ષની વિદ્યાર્થીનીનું અગ્નિસ્નાન.
- દ્વારકાના દરિયાકાંઠે રેતી ખનનના કારણે કાયબાઓનું નિકંદન.
- બીલીમોરામાં પત્રકારના સ્વાંગમાં ખંડણી માગનાર મનોજ શર્માની અટકાયત.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પરીક્ષાલક્ષી ફી ઓનલાઇન સ્વીકારશે.
- સૂરતથી રિલાયન્સનો ૪જી વાઇફાઇનો ટેકનિકલ ટેસ્ટિંગથી પ્રારંભ થશે.
- ગુજરાતભરમાં બિલ્ડરોની વેટતંત્ર દ્વારા તપાસ આરંભાશે.
- આઇ.પી.એલ. મેચમાં ગુજરાતી ખેલાડીઓ ભવ્ય દેખાવ કરવા સજ્જ.
- છૂટાછેડાના કેસમાં મહિલાઓનું આત્મસન્માન જળવાવું જોઇએ : સુપ્રીમ કોર્ટ.
- સિમેન્ટના ભાવમાં જોરદાર તેજી, મહિનામાં ૭૫ રૂપિયાનો વધારો.
- ખાનગી ડેરીઓએ દૂધના ભાવ વધાર્યા, ૧ લીટરના રૂપિયા ૫૭ થયા.
- ઉત્તર અને મધ્ય ભારતમાં કમોસમી વરસાદ પછી ચાર દિવસમાં ૩૦ ખેડૂતોએ આત્મહત્યા કરી.
- મહારાષ્ટ્રના મરાઠવાડામાં ત્રણ માસમાં આર્થિક ભીંસને કારણે ૨૦૦ ખેડૂતોની આત્મહત્યા.
- સમગ્ર દેશમાં એકમાત્ર ઇમર્જન્સી નંબર રાખવાની ટ્રાઇની ભલામણ.
- પેન્શનરોને પણ આધાર નંબર બેંકમાં નોંધવવા માટેની કાર્યવાહી કરાશે.
- ભારતીય લશ્કર સામે પાકિસ્તાની સૈન્યની કોઇ તાકાત નથી, અમેરિકન અખબારનો દાવો.
- દુબઇના વડાપ્રધાન શેખ પોતાની ૧૧૪ ગાડીઓ માટે લંડનમાં ૬ માળનું પાર્કિંગ બિલ્ડિંગ બનાવશે.